પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૨૮   અંક : ૬૪   કુલ પાના : ૪   તારીખ : ૦૬-૧૧-૨૦૨૪ બુધવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# હિંદુઓ વૈશ્વિક લઘુમતી છે, તેથી તેમના પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવે છે, પવન કલ્યાણ

હેદરાબાદ

આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણે કેનેડામાં હિન્દુ મંદિર પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે. હુમલાને એક અલગ ઘટના કરતાં વધુ ગણાવતા, તેમણે કહ્યું કે તેઓ આ ઘટનાથી ખૂબ જ દુઃખી છે અને આશા છે કે કેનેડાની સરકાર ત્યાંના હિંદુ સમુદાયની સલામતી સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેશે.

પવન કલ્યાણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું કે હિંદુઓ વૈશ્વિક લઘુમતી છે, તેથી તેમના પર બહુ ઓછું ધ્યાન આપવામાં આવે છે, તેમની સાથે ઓછી એકતા દર્શાવવામાં આવે છે અને તેમને સરળતાથી નિશાન બનાવવામાં આવે છે. તેમણે કહ્યું કે હિંદુઓ વિરુદ્ધ દરેક ધિક્કારનું કૃત્ય, દુર્વ્યવહારનો દરેક મામલો માનવતા અને શાંતિની કદર કરનારા તમામ લોકો માટે ફટકો છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને તાજેતરમાં બાંગ્લાદેશ જેવા દેશોમાં આપણા હિન્દુ ભાઈઓ અને બહેનો જુલમ, હિંસા અને અકલ્પનીય વેદનાનો સામનો કરી રહ્યા છે તે જોઈને મને ઘણું દુઃખ થયું છે.પવન કલ્યાણાએ કહ્યું કે આજે કેનેડામાં એક હિંદુ મંદિર અને હિંદુઓ પર થયેલો હુમલો હૃદય પર આઘાત સમાન છે. આ પીડા અને ચિંતા બંને બનાવે છે. તેમણે કહ્યું કે આ કોઈ અલગ-અલગ ઘટના નથી અને હિંદુઓ વિરુદ્ધ હિંસા અને લક્ષિત નફરતની ઘટનાઓ વિવિધ દેશોમાં ચાલુ રહે છે, તેમ છતાં વૈશ્વિક નેતાઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને કહેવાતા શાંતિ-પ્રેમી એનજીઓનું મૌન ભયાનક છે. તેમણે કહ્યું કે આ માત્ર કરુણા માટેની અપીલ નથી, પરંતુ પગલાં લેવા માટેનું આહ્વાન છે, જેને વિશ્વએ સ્વીકારવું જોઈએ અને હિન્દુઓની વેદનાને તે જ તાકીદ અને પ્રતિબદ્ધતા સાથે સંબોધિત કરવી જોઈએ જેવી તે અન્ય લોકો માટે કરે છે.તમને જણાવી દઈએ કે ખાલિસ્તાની સમર્થકોએ રવિવારે કેનેડાના બ્રામ્પટનમાં હિન્દુ મંદિરમાં શ્રદ્ધાળુઓના સમૂહને નિશાન બનાવ્યું હતું. આ ઘટના બાદ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યુંહતુંકે મંદિરમાં હિંસાની ઘટનાઓ અસ્વીકાર્ય છે. દરેક કેનેડિયનને સ્વતંત્ર રીતે અને સુરક્ષિત રીતે તેના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે.









# દે.બારિયા નગરમાં ચોરોનો આંતક : પાંચ થી વધુ મકાનોને તાળા તોડી હાથ ફેરો કરતા નગરજનોમાં ભયનો માહોલ

દાહોદ,

દેવગઢ બારીયા નગરમાં વધ તા જતા ચોરીના બનાવો ને લઈ નગરમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ફરીથી નગરની બે સોસાયટીઓના પાંચથી વધુ મકાનોમાં ચોરીનો પ્રયાસ થતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. જેને લઈ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ચોરી કરવા આવેલા ચોર સીસીટીવી કેમેરામાં એ જ થયા છે. ત્યારે પોલીસ આ ચોરોને પકડી શકશે કે કેમ જેવા અનેક સવાલો.



પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીયા નગર તેમજ નગર ની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે ત્રણ માસથી ચોરીના અનેક બનાવો બનવા પામ્યા છે. જેમાં રહેણાંક મકાન થી લઇ નાની મોટી દુકાનોમાં પણ આ ચોર લોકોએ પોતાનો હાથ અજમાવી રોકડ તેમજ દર દાગીનાની ચોરીના અનેક બનાવો બનવા પામ્યા છે. જેને લઇ આ ચોરીના બનાવ થી લોકોમાં ફફડા ફેલાયો છે તે ચોરી ના બનાવવામાં પણ ચોરી કરવા આવેલા છોરો સીસીટીવીમાં કેદ થયા હતા. જે ચોરીના બનાવને લઈ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે પોલીસ તપાસમાં હજુ આ ચોરીઓનું કોઈ પગેરો મળ્યો નથી અને પોલીસ જાણે હવામાં બાચકા ભરતી હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે ફરીથી નગરના મારૂતિ નગર તેમજ ગુરૂકૃપા સોસાયટીમાં ચોર લોકોએ બંધ મકાનને નિશાન બનાવ્યા હોય તેમ તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. જેમાં કેટલાક બંધ મકાનો કે જેમાં કોઈ રહેતું પણ ન હતું. તેવા મકાનના તૂટતા સદનસીબે મોટી ચોરી થતા રહી ગઈ હતી. હાલ આ ચોરીના બનાવ થી નગરમાં નગરજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. પોલીસ દ્વારા આ વધતા જતા ચોરીના બનાવને ને ડામવા માટે કોઈ ઠોસ કાર્યવાહી હાથ ધરશે કે પછી આમ જ ચોરીઓના બનાવ વધતા રહેશે તે જોવાનું રહ્યું.

# કળિયુગની માતાની પોલીસે ગણતરીના દિવસોમાં કરી ઓળખ

મલેકપુર,

ચાર દિવસ અગાઉ નવજાત શિશુને મલેકપુર પેટ્રોલ પંપના પાછળ દોલત પૂરા રોડ ઉપર ઈન્ડિયન પેટ્રોલ પંપની પાછળ જતા રહ્યા હતા. માતા અને તેના મિત્ર ત્યારે માતા અને તેના મિત્રની તાલુકા પોલીસે ગણતરીના દિવસોમાં ઓળખ કરી અને લુણાવાડા તાલુકા પોલીસે માતા અને તેના મિત્રની ધરપકડ કરી હતી.

લુણાવાડા તાલુકા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૧૦૨૪૦૨૬૨/૨૦૨૪ બી.એન.એસ.કલમ-૯૩ ના કામના આરોપીને પકડી પાડતી લુણાવાડા તાલુકા પોલીસ નાયબ પોલીસ મહાનિરીક્ષક આર.વી.અસારી, પંચમહાલ ગોધરા રેન્જી નાઓની જીલ્લા વિસ્તારમાં રહેલ અનડિટેક્ટ ગુનાઓ ન રહે અને ગુનાઓ ડિટેક્ટ કરવા સારૂ સુચના આપેલ જે આધારે, જીલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિહ જાડેજા, મહિસાગર જીલ્લો નાઓની રાહબરી હેઠળ લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશન લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશન ૧૧૧૮૭૦૧૦૨૪૦૨૬૨/૨૦૨૪ બી.એન.એસ. કલમ-૯૩ મુજબનો ગુનો તા.૦૧/૧૧/૨૦૨૪ ના રોજ મોજે. ઈંડિયન ઓઈલ પેટ્રોલપંપ મલેકપુર ગામે બનવા પામેલ જે ગુનો પ્રથમથી અનડીટેક્ટ હોય જેને ડીટેક્ટ કરવા યોગ્ય તપાસ કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ. જે સુચના આધારે મે..કમલેશ વસાવા લુણાવાડા વિભાગ લુણાવાડા નાઓના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.ની અલગ અલગ પોલીસની ટીમ બનાવી તપાસ કરતા ખાનગી રાહે બાતમી મેળવી આજરોજ નામે નયનાબેન W/o શૈલેષભાઈ મોતીભાઈ ધામોત ઉ.વ.૩૨ રહે.ભેમાની વાવો,વડલા ફળીયુ તા.કડાણા જી.મહીસાગર નાઓની પ્રસુતિ દરમિયાન દિકરાનો જન્મ થયેલ જે નવજાત શિશુને તેમના મિત્ર આરોપી (૨) લાલાભાઈ અમરાભાઈ પગી ઉ.વ.૨૭ રહે. બુચાવાડા, આમલા ફળીયુ તા.કડાણા જી.મહિસાગર નાઓને નિકાલ(ત્યજી) દેવા આપી દીધેલ. જે નવજન્મેલ શિશુને આરોપી ન.(૨) લાલાભાઈ અમરાભાઈ પગી નાઓએ મોજે. મલેકપુર ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપની બાજુમાં આવેલ ડાંગરવાળા ખેતરમાં ઈલેક્ટ્રીક ડી.પી.ની જુના ખુલ્લા બોક્ષમાં અરક્ષિત મુકી દઈ ભાગી ગયેલ જે આરોપી (૧) નયનાબેન W/o શૈલેષભાઈ મોતીભાઈ ધામોત (માતા) તથા આરોપી નં (૨) લાલાભાઈ અમરાભાઈ પગી (મિત્ર)ને તપાસ દરમિયાન પકડી પાડી અનડીટેક્ટ રહેલ ગુનાને ડીટેક્ટ કરવામાં આવેલ છે.

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
**લક્ષ્મી પ્રસૂતિગૃહ અને નર્સિંગ હોમ**
( વંધ્યત્વ-સોનોગ્રાફી-એન્ડોસ્કોપી)
મો.: ૯૮૨૫૧ ૯૭૦૨૯
ડો. મહેન્દ્ર આર. તિવારી (M.D., D.G.O.)
ડો. મહેન્દ્ર આર. તિવારી (M.D.D.A.)
-: કાલોલ :-
લાલ દરવાજા પાસે કાલોલ, જી.પંચમહાલ
ફોન :૦૨૬૭૬-૨૩૭૮૩૫ । સમયઃ સવારે ૧૧ થી ૫ સાંજે
-: વડોદરા :-
બી/૧૫, સંગમ સોસાયટી, સંગમ બસ, સ્ટેન્ડ પાછળ વડોદરા
ફોન : ૨૪૬૫૫૧૦ । સમય : સવારે ૧૦ થી ૧ સાંજે ૬ થી ૮

નૂતન વર્ષાભિનંદન
**જયેશ ભાનુપ્રસાદ જોષી**
લેન્ડ એસ્ટેટ એન્ડ બ્રોકર
મો. ૯૮૨૪૨ ૪૫૮૦૦
સાયન્સ કોલેજ પાસે, ગોધરા

નુતન વર્ષાભિનંદન
**- સ્ત્રી ભૃણ હત્યા અટકાવો બેટી વધાવો.**
- પહેલા કલાકનું સ્તનપાન બાળકને ચિરંજીવી યોજનાનું વરદાન.
- જનસંખ્યા નિયંત્રણ માટે મોડા લગ્ન કરાવો.
- મચ્છરથી મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા વગેરે ફેલાય છે. તેનાથી બચવા માટે મચ્છરની ઉત્પતિ અટકાવો. આપના ઘરની આજુબાજુ પાણીના ભરેલા ખાડા-ખાબોચીયામાં પાણીનો નિકાલ કરો અથવા ઓઈલ નાખો. દવા યુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરો.
- પાણી જન્ય રોગચાળો જેવો કે કલેરો, ટાઈફોઈડ, મરડો, ઝાડા, કમળો વગેરેથી બચવા માટે ઉકાળેલું/ક્લોરી નયુક્ત પાણી પીવો.
- રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમા યોજના, ચિરંજીવી યોજના, જનનો સુરક્ષા યોજના માટે નજીકનાં પ્રથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.
- જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત સગર્ભા માતાઓ અને નવજાત બાળકને સરકારી દવાખાનાઓમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવશે.
- આપના કુપોષિત બાળકોને સી.ડી.એન.સી. માં મોકલવા માટે નજીકનાં સ્ત્રી આરોગ્ય કાર્યકરનો સંપર્ક કરો.
**બ્લોક હેલ્થ કચેરી**
**ગોધરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, મોરવા(હ), શહેરા, ઘોઘંબા**

સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ સાથે ઉજવીએ આ પ્રકાશ પર્વ

શ્રી જેઠાભાઈ ભરવાડ
વિધાનસભા, ઉપાધ્યક્ષ
ધારાસભ્યશ્રી,
124 - વિધાનસભા શહેરા

શ્રી સી.કે. રાઉલજી
ધારાસભ્યશ્રી,
126 - વિધાનસભા ગોધરા

શ્રીમતિ નિમિષાબેન એમ. સુથાર
ધારાસભ્યશ્રી
૧૨૫ - મોરવા (હ) વિધાનસભા
નૂતનવર્ષના પાવન અવસર પર તમને હાર્દિક શુભેચ્છાઓ!
આ નવું વર્ષ તમારા જીવનમાં આનંદ, આરોગ્ય અને સમૃદ્ધિ લાવે એવી શુભકામનાઓ!

શ્રીમતી રંજનબેન નરેન્દ્રસિંહ રાઠોડ
પ્રમુખશ્રી તાલુકા પંચાયત, ગોધરા
શ્રી અર્જુનસિંહ રતનસિંહ પટેલ
ઉપપ્રમુખશ્રી તાલુકા પંચાયત, ગોધરા
તથા
સર્વે તાલુકા પંચાયત ગોધરા સભ્યશ્રીઓ

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ટુંકી મુદતની જાહેર નિવિદા નં.''૧૬'' સને ૨૦૨૪-૨૫
ગુજરાત સરકાર
ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ યોજના વિભાગ, પાનમ કોલોની, ગોધરા-૩૮૯૦૦૧, જી.પંચમહાલ, ફોન નં. (૦૨૬૭૨) ૨૪૧૮૧૨ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી જુદા-જુદા ૦૪ કામો માટે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૫૦ હજાર થી રૂ.૪.૧૬ લાખ સુધીની છે. સદર કામના ટેન્ડરો ચાલુ કચેરી દરમ્યાન ઠેકેદારશ્રીએ પોતાના લેટર પેડ ઉપર જરૂરી ટેન્ડર ફી, જરૂરી રજીસ્ટ્રેશન, ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૪ ની બેંક સોલવંશી, પાન કાર્ડ તેમજ અનુભવનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ટેન્ડરની નકલ તા.૧૩/૧૧/૨૦૨૪, ૧૨-૦૦ કલાક સુધી આપવામાં આવશે. તથા તા.૨૨/૧૧/૨૦૨૪ ના ૧૮-૦૦ કલાક સુધી ભાવો ભરેલા ટેન્ડરો રજી.પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી કચેરીમાં પહોંચાડવાના રહેશે. શક્ય હશે તો તા.૨૫/૧૧/૨૦૨૪ ના ૧૨-૦૦ કલાકે ઉપરોક્ત કચેરીમાં ભાવો ભરેલા ટેન્ડરો ખોલવામાં આવશે, એક અથવા બધા જ ટેન્ડરો મંજુર કે નામંજુર કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરની રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહી.
(માહિતી/ગોધરા/૪૯૫/૨૪)

## આપની આજ.......

મેષ:પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગ માટેની હોય. કોઈ વિશેષ મહેમાન સાંજે આવી શકે છે.

વૃષભઃ આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે. તમે પણ તમારી સિદ્ધિઓ જોઈ શકો છો.

મિથુનઃ ખરીદી અને વેચાણના મામલે લાભ થશે. આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે. મિત્રો સાથે રમૂજ વધશે. બિનજરૂરી મુશ્કેલીઓથી દૂર રહો. ધાર્મિક સ્થળોની મુસાફરીનો યોગ છે. લગ્ન જીવનમાં પ્રેમ રહેશે.

કર્કઃ આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીમે ધીમે હવે તમારું નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળશે.

સિંહઃ આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. આ ઉપરાંત ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે. જો તમારા પૈસા ઘણાં સમયથી અટક્યા છે તો આજે તમે તે મેળવી શકો છો.

કન્યા:આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આયાત-નિકાસના ધંધામાં પણ નફાનો યોગ છે. આધ્યાત્મિકતા અને ધાર્મિક કાર્યમાં પણ રુચિ વધશે. મુસાફરીનો યોગા બની રહ્યો છે, સમયનો ઉપયોગ સાથે તમારો સિતારો ચમકશે.

તુલાઃ આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો. પરંતુ ધ્યાનમાં રાખો કે આ બધી સમસ્યાઓ તમારા પ્રયત્નોથી પણ ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિકઃ આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો. નહીં તો તમારો માનસિક તણાવ પણ વધી શકે છે. તે તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે નહીં.

ધનઃ આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશે. જેનું કારણ એ છે કે છેલ્લાં ઘણાં દિવસોથી તમારો વ્યવસાય નિયમિત રહ્યો નથી. પરંતુ ધ્યાનમાં રાખો કે અસ્વસ્થ થવાની જગ્યાએ જો તમે વ્યવસાયની સમસ્યા ઉકેલવાનો કોઈ માર્ગ શોધવાનો પ્રયાસ કરો છો તો તે તમારા માટે સારું રહેશે.

મકરઃ આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો. જો તમે નોકરીમાં હોવ તો પણ આજે તમને લાભ મળવાની સંભાવના છે.

કુંભઃ આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશે. કેટલીક સમસ્યાઓ વાસ્તવિક હશે. આજે સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે આવી શકે છે. તમે ફકત તમારી હિંમત અને બુદ્ધિથી આ લોકોને હરાવી શકો છો.

મીનઃ આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો. નહીં તો તે પરત મળવાની સંભાવના નહિવત્ છે. તમારા માતા-પિતા અને ગુરુની સેવા અને આદર કરો. જે તમને દરેક ક્ષેત્રમાં લાભ આપશે.

નૂતન વર્ષાભિનંદન
સ્વચ્છતા હી સેવા અભિયાન કાર્યક્રમમાં સૌ આગળ આવીને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ બનાવીને સ્વચ્છતાના માર્ગે આગળ વધીએ અને સ્વસ્થ ગુજરાતના નિર્માણ કરવા સૌને વિનંતી સાથે દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ...
સ્વચ્છતા હી સેવા
કચરા મુક્ત ભારત
કચરા મુક્ત ગુજરાત


સ્વચ્છ ભારત
એક પગલું સ્વચ્છતા તરફ
જ્યાં સ્વચ્છતા ત્યાં સુંદરતા • જ્યાં સ્વચ્છતા ત્યાં પવિત્રતા • જ્યાં સ્વચ્છતા ત્યાં તંદુરસ્તી

પંચમહાલ સમાચાર

# દાહોદ નકલી એન.એ.પ્રકરણમાં સીટી સર્વે કચેરીમાં શિરેસ્તેદાર અને સર્વેયરની અટકાયત કરી જેલમાં મોકલ્યા

દાહોદ,

દાહોદમાં અલગ અલગ સરકારી કચેરીઓ દ્વારા નકલી એનએ હુકમો સહિત સરકારની તિજોરીને નુકસાન પહોંચાડવાના બહુચર્ચિત બનાવમાં બે સરકારી કર્મચારીઓની પોલીસે અટકાયત કરી છે. જેમાં સીટી સર્વેની કચેરીમાં ફરજ બજાવતાં સિરેસ્તેદાર અને સર્વેયર દ્વારા નકલી એનએ પ્રકરણમાં પોતાની સત્તાથી ઉપર જઈ ખોટા નકલી હુકમો સહિત સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવાની કામગીરી કરતાં આ બંન્ને સરકારી કર્મચારીઓની દાહોદ પોલીસે તાત્કાલિક ધોરણે અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધાં છે.

દાહોદમાં નકલી એનએ પ્રકરણે સમગ્ર ગુજરાતમાં ચકચાર મચાવી મુકી છે. આ મામલે ચાર જેટલી અલગ અલગ પોલીસ ફરિયાદો પણ નોંધાઈ ચુકી છે. જેમાં ૪૦થી વધુ વ્યક્તિઓ સામે અત્યાર સુધી ગુનો નોંધવામાં આવ્યો છે. આ નકલી એનએ પ્રકરણમાં સરકારી બાબુઓની નજર રહેમ હેઠળ અને ખાસ કરીને સીટી સર્વેની કચેરીના કેટલાંક સત્તાધિશોના ભુમાફિયાઓ સાથે મેળાપીપણામાં સમગ્ર નકલી એનએ પ્રકરણ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની છડેચોક બુમો ઉઠતી હતી. ત્યારે આ મામલે અત્યાર સુધી નોંધાયેલ પોલીસ ફરિયાદોને ધ્યાનમાં રાખી ઉંડાણપુર્વક તેમજ પકડાયેલ આરોપીઓની પોલીસ દ્વારા સઘન પુછપરછોમાં ચોંકાવનારી હકીકત બહાર આવતાં જીલ્લાભરમાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી છે. જેમાં સીટી સર્વે કચેરીમાં કામ કરતાં સીરેસ્તેદાર દિનેશભાઈ કે.પરમાર તથા સર્વેયર રાહુલ ચાવડાની આ કેસમાં સંડોવણી બહાર આવતાં બંન્ને સરકારી કર્મચારીઓની પોલીસ દ્વારા તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. આ બંન્ને અધિકારીઓને ખાતાકીય કાર્યવાહી કરી તાત્કાલિક ધોરણે ફરજ મોકફ કરવામાં આવ્યાં છે. આ બંન્ને અધિકારીઓ દ્વારા પોતાની ફરજો દરમ્યાન પોપર્ટી કાર્ડ માત્ર ઓનલાઈન કરવાની હતી. તેને બદલે ખોટા હુકમોને આધાર બનાવી અથવા પોતાની રીતે નવા પોપર્ટી કાર્ડ જોઈન્ટ કર્યા છે. આ કામગીરી કરી લોકોને નુકસાન થાય તે રીતનું કામ કરી તેમજ સરકારની સાથે ઠગાઈ કરવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. આ મામલે ઉપરોક્ત બંન્ને અધિકારીઓની રિમાન્ડ માંગવાની પોલીસની કાર્યવાહી ચાલુ છે. આવુ શા માટે કર્યુ હતું ? આમાં કોઈ અન્ય સંડોવાયેલા છે કે કેમ ? વિગેરે તમામ બાબતની પોલીસ તપાસ ચાલુ છે. પોલીસના જણાવ્યાં અનુસાર, પ્રથમ દ્રષ્ટિએ એવું જણાઈ આવ્યું છે કે રામુ પંજાબી (રામકુવા સેવકરામ પંજાબી) આ વ્યક્તિ આ અધિકારીઓની વચ્ચે લીંકનું કામ કરતાં હતાં. તે રામુ પંજાબી હાલમાં ફરાર છે. આ રામુ પંજાબીનું વોરંટ પણ મેળવવામાં આવેલ છે.

## દે.બારીયાના નવા એસ.ડી.એમ.એ ચાર્જ સંભાળી લેતા આમ જનતામાં ખુશીની લહેર



દે.બારીયા,

દે.બારીયા શહેરના નવા પ્રાંત અધિકારી તરીકે એચ.બી.ભગોરાએ તા. ૦૪/૧૧/૨૦૨૪ના સોમવારના રોજ ઓફિસ કામકાજના સમયે કાર્યભાર સંભાળી લેતા દે. બારીયાની આમ જનતા વેલકમ કહીને આવકારે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા પ્રાંત અધિકારીની જગ્યા ૮-૧૦ દિવસ પહેલા ખાલી થઈ હતી. એટલે દિવાળીના ૫-૭ દિવસ અગાઉ પરંતુ ગતિશીલ અને સંવેદનશીલ સરકારે આવા ઉચ્ચ મુખ્ય અધિકારીની ખાલી પડેલી જગ્યાને તા.૦૪/૧૧/૨૦૨૪ના સોમવારના રોજ નવા એસ.ડી.એમ. તરીકેનો ચાર્જ સંચાળી લેતા દે.બારીયા તાલુકા અને પંથકની આમ જનતાના પ્રાંત ઓફિસને લગતા કાર્યોમાં રૂકાવટ આવે નહી તેના કારણે આમ પ્રજામાં ખુશીની લહેર જોવા મળી રહી છે. તેમજ નવા નિમાયેલા એસ.ડી.એમ. દાહોદ જીલ્લાના મોડેલ તાલુકાનો ઉત્તરોત્તર વિકાસના પંથે લઈ જાય તેવી આશા રાખવામાં આવે છે.

## લીમખેડામા બુકાનીધારી તસ્કરોનો આતંક

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા નગરમા છેલ્લા કેટલાક દિવસથી તસ્કરો રાત્રી દરમ્યાન ચોરી કરવાના ઈરાદે ફરતા હોવાનો મુદ્દો હાલ ટોક ઓફ ટાઉન બન્યો છે. તસ્કરો ઝાલોદ રોડ વિસ્તારમા અલગ અલગ જગ્યાએ ચોરી કરવાનો પ્રયત્ન કરતા હોવાની ઘટનાઓ બની રહી છે. બે ત્રણ દિવસ અગાઉ હરિહર સ્કૂલ વિસ્તારમા તસ્કરો ચોરી કરવાના ઈરાદે આવ્યા હતા પરંતુ લોકો જાગી જતા તસ્કરો ભાગી ગયા હતા. ત્યારે ફરી એકવાર ઝાલોદ રોડ વિસ્તારમા નાકોડા જ્વેલર્સની બાજુમા રહેલ ભગવાનભાઈ કડવાભાઈ પ્રજાપતિ ના મકાનના કમ્પાઉન્ડની દિવાલને બ્રેકરથી તોડીને મકાનમા પ્રવેશ કરી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ દિવાલ તોડતી વખતે ફલોરીંગ આવી જતા બાકોરૂ પડી શક્યુ ન હતું. જેને કારણે તસ્કરોને ચોરીનો પ્રયાસ નિષ્ફળ બન્યો હતો. દિવાલનુ બાકોરૂ પાડી મકાનમા પ્રવેશવાનો પ્રયાસ નિષફળ જતા તસ્કરોએ નજીક મા આવેલ પ્રકાશભાઈ રણછોડભાઈ પ્રજાપતિના મકાનના કમ્પાઉન્ડના દરવાજાનુ પાછળથી હથિયારથી નકોચુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો પરંતુ ચોરી કરવામા સફળ થયા ન હતા. અને ચોરી કર્યા વિનાજ ફરાર થઈ ગયા હતા.




નૂતન વર્ષાભિનંદન
એમ. પી. ડાભી
(વિસ્તરણ અધિકારી પંચાયત ક)

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
પ્રેમીલાબેન નરેન્દ્રસિંહ પરમાર
શિવરાજપુર જીલ્લા પંચાયત,
જી. પંચમહાલ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
કાંતિભાઈ શંકરભાઈ માછી
મુ. જુનીધરી,
તાલુકા પંચાયત સભ્ય, તા.ગોધરા, જી.પંચમહાલ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંજયભાઈ પ્રભાતસિંહ ડાભી
મુ. વાવડી ખુર્દ,
તાલુકા પંચાયત સભ્ય, તા.ગોધરા, જી.પંચમહાલ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
દશરથસિંહ સોમસિંહ મકવાણા
શિવશક્તિ બ્રિક્સ
મુ. કાંકણપુર (લકોડના મુવાડા),
તાલુકા પંચાયત સભ્ય, તા.ગોધરા, જી.પંચમહાલ

દિવાળી તેમજ નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
ડો.કનુભાઈ એસ. જોષી
(BAMS)
ફોન નં.(૦૨૬૭૨) ૨૮૧૫૭૬
મુ.ટીમ્બા ગામ,
તા.ગોધરા, જી.પંચમહાલ

Happy Diwali & Happy New Year
CHANAKYA KIDS SCHOOL

| | |
|---|---|
| - TODDLER | 35+FRANCHSEES |
| - NURSERY | 58000+KIDS |
| - JR. KG | PASSING OUT |
| - SR. KG | 30+CITIES |

VARADHRI ROAD, PARSHURAM CHOWK, LUNAWADA,
DIST. MAHISAGAR
PH.8758868664 / 9428009359













Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.64

